GJJN080016492025

**ફોજદારી કેસ નં. ૧૧૦૧/૨૦૨૫**

**કેશોદના મ્હે. એડિ. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં,**

**કબુલાત પુરશીશ અન્વયેનો હુકમ**

**ફરિયાદી :** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી :** લલીતકુમાર બલીરામ મંડલ, રહે.સોંદરડા ગામ

**ગુનો :- મોટર વાહન અધિનિયમની કલમ-૧૮૫ મુજબ.**

**-// આંક ૧ લગત હુકમ //-**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી કેફી પીણુ પીધેલી હાલતમાં વાહન ચલાવતા મળી આવેલ હોય આરોપીએ ઉપરોકત મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપેલી છે. આ ફરિયાદ સંદર્ભે પોલીસ સત્તાવાળાઓ તરફથી ગુનાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ **મોટર વાહન અધિનિયમની કલમ-૧૮૫** મુજબ શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજૂ થતાં આરોપીને આ ગુનાની કાર્યવાહીના કામે હાજર રહેવા પ્રોસેસ કરતાં આરોપી આજ રોજ લોક અદાલતની ખાસ બેઠકમાં હાજર થયેલા છે.

(૨) હાલની ફરિયાદના કામે આરોપીએ હાજર થઈ, ગુનો કબુલ કરવાની આંક-૪ વાળી લેખિત પુરસીસ આપતા તથા આરોપીની આ ગુના સંદર્ભે પ્લી નોંધતાં આરોપીને આ ગુનો કબુલ હોવાનું આરોપી જણાવે છે. આરોપીની ગુનાની કબુલાત સંદર્ભેની પુરસીસ વંચાણે લેતાં આરોપી તરફે એવી રજૂઆત છે કે, તે અભણ માણસ છે અને તે કાયદાથી અજ્ઞાન છે અને તેમની સામે આવા ગુનાની પ્રથમ ફરિયાદ છે અને ભવિષ્યમાં આવા કોઈ ગુનામાં સંડોવણી નહીં થાય તેની તે પુરતી તકેદારી રાખશે અને તે ગરીબ માણસ છે અને તે તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તે તેમના કુટુંબનું ભરણપોષણ માંડ માંડ કરી શકે છે તેમજ તેઓ ઉપર ઘરના કામકાજની જવાબદારી તેમજ કામ ધંધા અર્થે જવાનું હોય, આર્થિક ઉપાર્જનના ભોગે આરોપીને કોર્ટ કાર્યવાહીમાં નિયમિત હાજરી આપવામાં ઘણી અગવડો ઉભી થાય તેમ હોય તે આ ગુનાની કબુલાત કરવા માંગે છે અને સાથે સાથે રજૂઆત કરેલ છે કે, તેઓ તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેથી જો તેમને જેલની સજા કરવામાં આવે તો તેમના કટુંબના ભરણ પોષણ ઉપર અસર થાય તેમ છે અને આરોપીને થતી સજાની અસર તેના સમગ્ર કુંટુંબ ઉપર પડે તેમ હોય માત્ર દંડ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં આરોપી સ્વૈચ્છીક રીતે હાલનો ગુનો કબુલ કરવા માંગે છે, અને તેમનો જવાબ લેતાં, તેમાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલાનું જણાઈ આવતું હોય, રેકર્ડ, આરોપીની કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તથા આરોપીએ આચરેલ ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં તથા આ પ્રકારના કેસોનો કોર્ટમાં થયેલ ભરાવો ધ્યાને લેતાં આ કેસ ચાલી જતા સમય લાગે તેમ હોય અને આ કેસ ચાલતા દરમિયાન આરોપીએ કોર્ટમાં હાજર રહેવા તેમનો કામધંધો છોડીને આવવું પડે તેમ હોવાનું ધ્યાને લેતાં અને આરોપીની કૌટુંબિક પરિસ્થિતિ અને સામાજિક સંજોગો ધ્યાને લેતાં તથા આ કેસના સંજોગો ધ્યાને લેતાં તથા આરોપીએ અગાઉ કોઈ ગુનો આચરેલ હોય તેવી કોઈ હકીકત ચાર્જશીટના

કાગળો જોતાં જણાતું ના હોય, આ તમામ સંજોગો ધ્યાને લેતાં હાલના કેસમાં આરોપીને કાયદામાં ફરમાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે વાજબી સંજોગો રહેલા હોય, નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ''ગુજરાત રાજય વિ. નટવરચંદ હરચંદ ઠાકોર''ના કેસમાં તેમજ નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા શ્રી સરકાર વિરૂધ્ધ રાજેશકુમાર રતનલાલ સીંધી ફોજદારી અપીલ નં. ૯૧૮/૧૯૯૦ તા. ૨૧/૦૧/૧૫ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–//<u>આખરી હુકમ</u> //–**

આ કામના **<u>લલીતકુમાર બલીરામ મંડલ, રહે. સોંદરડા ગામ વાળા</u>**ને મોટર વાહન અધિનિયમ ૧૮૫ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવીને રૂા.૫,૦૦૦/– મળી **<u>કુલ રૂા. ૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરા)</u>**નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રમક ન ભરવામાં આવે તો **<u>દિન–૧૦(દશ)</u>** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

પતા/દારૂ/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો. રોકડ/ વેલ્યુએબલ મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો. વાહન/મોબાઈલનો વચગાળાના હુકમ થયા હોય તો એ હુકમ કાયમ રાખવો અને ન થયો હોય તો માલિકીની ખરાઈ કરીને પરત આપવો.

આ હુકમ આજ તા. **<u>૧૪ મી</u>** માહે **<u>માર્ચ</u>** સને **<u>૨૦૨૬</u>** ના રોજ ખુલ્લી લોક અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
મુ.કેશોદ

**(તરૂણ મોહનદાસ શ્રીમાળી)**
એડિ. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
કેશોદ
( કોડ નં. GJ-01306 )